Vol.2 Issue 2 2019-20

The International Journal
ISSN 2581-4354

# 'શૂન્ય' પાલનપુરીની ગઝલમાં સૂફીવાદ

**Dr. Shabbirali G. Bhatt**
**Teacher**
**Madinatul ilm**
**Kishorgadh**

'શૂન્ય' પાલનપુરીનું મૂળ નામ અલીખાન ઉસ્માનખાન બલુચ હતું. તેમના મુખ્ય સાહિત્યપ્રદાનમાં 'શૂન્ય'નું સર્જન' (૧૯૫૨), 'શૂન્ય'નું વિસર્જન' (૧૯૫૬), 'શૂન્ય'ના અવશેષ' (૧૯૬૪), શૂન્યનું સ્મારક (૧૯૭૨) અને 'શૂન્યની સ્મૃતિ' (૧૯૮૩) નામે ગુજરાતી ગઝલસંગ્રહો, 'દાસ્તાને જિંદગી' નામે ઉર્દૂ ગઝલસંગ્રહ તથા ઉમર ખૈયામની રુબાઈઓનો ગુજરાતી અનુવાદ 'ખૈયામ' નોંધી શકાય

'શૂન્ય'ની ગઝલોમાં પણ અનેક સ્થાને સૂફીવાદ તેના કોઈ 'ને કોઈ રૂપે નિરુપાયો છે. અહીં તે સંદર્ભે 'શૂન્ય'ની ગઝલો જોઈશું.

## મૃત્યુ અને જીવન વિષે

સૂફી માટે મૃત્યુ એક મહોત્સવ છે. મૃત્યુનો નિયમ છે કે મરેલાને ફરી મરવું પડતું નથી. મોતને જોઈને સૂફી હિંમત હારતો નથી. તેનું જીવન મુશ્કેલીથી ભરેલું હોય છે પણ મૃત્યુ તેના માટે આનંદરૂપ હોય છે. આ બાબત સમજવા મહાત્મા સરમદનું ઉદાહરણ જોઈએ તો, લોકો જીવનભર તેમને તકલીફ આપતા રહ્યા અને અધર્મી કહેતા રહ્યા. તેમને રાજાના આદેશથી શહીદ કરવામાં આવ્યા હતા. એ ઘટનામાં તેમના મૃત્યુ પછી તેમનું શીશ બોલવા લાગ્યું ત્યારે દુનિયા તેમની મહાનતાને સમજી શકી. આજે તેમની મઝાર ઉપર લોકો ફૂલોની ચાદર ચઢાવે છે. આ સંદર્ભે 'શૂન્ય' કહે છે :

મૃત્યુ પર તો ફૂલની ચાદર,
જીવનભર કાંટાની સેજ.1

વાસ્તવમાં છે અમરતા શૂન્ય મૃત્યુની કલા,
જે મરે છે જિંદગીમાં એ મરી શકતા નથી.2

જીવનની નશ્વરતા વિષે 'શૂન્ય' લખે છે :

અમર પંખી! પરમ સદભાગ્ય! કે પિંજર મળ્યું નશ્વર,
ખુશીથી દર્દ માણી લે, ઘડીભરની જુદાઈ છે.3

આશિક માશૂકને સર્વસ્વ અર્પણ કરી દે છે ત્યારે મૃત્યુ કાંઈ નુકસાન કરી શકતું નથી. તેના વિષે 'શૂન્ય' કહે છે :

જીવન અર્પણ કરી દીધું કોઈને એટલા માટે,
મરણ આવે તો એને કહી શકું મિલ્કત પરાઈ છે.4

આવી નશ્વરતા અને મૃત્યુ પર જીત મેળવવા શું કરવું જોઈએ? આ પ્રશ્નનો જાણે ઉકેલ આપતાં હોય તેમ 'શૂન્ય' કહે છે :

---

1 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', સંપાદક : રમેશ પુરોહિત, પૃ. ૧૧
2 'શૂન્યની સૃષ્ટિ' પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, સંવર્ધિત આવૃત્તિ : ૨૦૧૦, પૃ. ૩૬૫
3 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', પૃ. ૩૦
4 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', પૃ. ૩૦

પ્રેમને પામી ગયો છું, રૂપને સમજેલ છે,
મૌત મારે મન રમત છે, જિંદગી પણ ખેલ છે.5

મૃત્યુ એ જીવનનો અંત નથી, પરંતુ બીજી દુનિયાના જીવનની શરુઆત છે. આ સંદર્ભે 'શૂન્ય' કહે છે :

જેને કહે છે મોત સૌ એક જીવનચિતાર છે,
ફેર છે દૃષ્ટિકોણનો, સાંજ સ્વયં સવાર છે.6

મૃત્યુ અને અમરતા સંદર્ભે 'શૂન્ય' કહે છે :

વાસ્તવમાં છે અમરતા શૂન્ય મૃત્યુની કલા,
જે મરે છે જીંદગીમાં એ મરી શકતા નથી.7

જે પોતાના અહંકારનો નાશ કરે છે અને જીવન જીવે છે તે અમર થઇ જાય છે અને અમરતા પામે છે જેને સૂફીઓ 'મરતા પહેલા મરી જવાનો સિદ્ધાંત કહે છે.' અને જે જીવન દરમિયાન અહંકારનો ત્યાગ કરી ખુદામાં ફના થાય છે તે આબે-હયાતને (જે પાણી પિવાથી વ્યક્તિ અમર થઈ જાય તે પાણીને આબે હયાત કહે છે.) પામે છે. કુરઆન શરીફમાં પણ છે કે, “જે અલ્લાહના માર્ગમાં માર્યા જાય છે તેમને હરગિજ મરેલા સમજો નહી તેઓ અલ્લાહ પાસે ઉત્તમ રોજી (જીવન જીવવા માટેની વસ્તુ કે ખોરાક) મેળવે છે.”

## ક્ષમા કે તૌબા વિષે

સૂફી સંત મુહમ્મદ નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી કહે છે કે, મેં હઝરત સુલ્તાનુલ મશાયખ નિજામુલ હક પાસેથી સાંભળ્યું છે કે, તૌબા છ પ્રકારની છે : ૧. તૌબા-એ-જબાન (જીભથી કરેલ ભૂલોનો પસ્તાવો), ૨. તૌબા-એ-ચશ્મ (આંખોથી થયેલા ગુનાહોનો પસ્તાવો), ૩. તૌબા-એ-ગોશ્ત (અન્યાયથી મળેલા પૈસાથી ખરીદેલા ખોરાકથી શરીર ઉપર બનેલ માંસને ઈબાદત (તપસ્યા) વડે ઓગાળી નાખવું), ૪. તૌબા-એ-દસ્ત (હાથથી કરેલ ગુનાહોનો પસ્તાવો), ૫. તૌબા-એ-પા ( ખરાબ કામ કરવા લઈ ગયેલાં ચરણો માટેનો પસ્તાવો), અને ૬. તૌબા-એ-નફ્સ (મનમાં ખરાબ ઈચ્છા થવાને કારણે થતો પસ્તાવો). જબાનની તૌબા એ છે કે તે જબાનને બૂરી વાતોથી રોકી રાખે છે. તે ખરાબ વાતો ન કરે. 'શૂન્ય' આવી ક્ષમા કે તૌબા વિષે કહે છે:

તોફાનને દઈને અણછાજતી મહત્તા
તું વાતનું વતેસર ના કર, ક્ષમા કરી દે.
હોડીનું એક રમકડું તૂટ્યું તો થઇ ગયું શું?
મોજાંની બાળહઠ છે સાગર, ક્ષમા કરી દે.8

## 'ગરીબી એ જ ગૌરવ' બાબતે

સૂફીઓ ગરીબીને પસંદ કરે છે. તેઓ 'simple living and high thinking.' (સાદું જીવન, ઉચ્ચ વિચાર)માં માને છે. ગરીબીને તેઓ પોતાનું ગૌરવ માને છે. એવી ગરીબી વિષે 'શૂન્ય' લખે છે :

મને ગર્વ છે કે આ મારી ગરીબી
અમીરાતની અલ્પતાઓથી પર છે
સિકંદરનાં મર્હૂમ કિસ્મતનાં સોગંદ
રહ્યા છે જીવનમાં સદા હાથ ખાલી 9

ઈતિહાસ-ખ્યાત સિકંદર એક મહાન રાજા હતો. અડધી દુનિયા જીતી લેનાર તેની પાસે અઢળક ધનસંપત્તિ હતી. કવિ તેનાં કિસ્મતનાં સોગંદ ખાઈને કહે છે કે જીવનમાં સદા હાથ ખાલી રહ્યા છે. અહીં એક બીજી પણ વાત છે કે તે ભલે અડધી દુનિયાનો બાદશાહ હોય તો પણ ખાલી હાથે જ ગયો છે.

5 એજન, પૃ. ૧૪
6 એજન, પૃ. ૨૨
7 'શૂન્યની સૃષ્ટિ', પૃ.૩૬૫
8 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', પૃ. ૧૧
9 એજન, પૃ. ૧૩

કોઈપણ વ્યક્તિ - પછી તે ગરીબ હોય કે અમીર - ખાલી હાથે જ પાછો જવાનો છે. તેથી કહેવાય છે કે,

આયા હૈ સો જાએગા, રાજા રંક ફકીર,
કોઈ સિંહાસન ચઢ ચલે, કોઈ બાંધ જંજીર10

આવા સંદર્ભે 'શૂન્ય' કહે છે,

શું કુબેરો ? શું સિકંદર ? ગર્વ સૌનો તૂટશે,
હો ગમે તેવો ખજાનો બે જ દિનમાં ખૂટશે;
કાળની કરડી નજરથી કોઈ બચવાનું નથી,
આજ તો ફૂટી છે પ્યાલી, કાલ કૂંજો ફૂટશે.

*

હોય તુજ આયુ સદી કે બે સદી અથવા હજાર !
એક દિવસ તો જવું પડશે તજી સૌ કારભાર ;
તું ભિખારી હો કે રાજા, ફેર કૈં પડશે નહીં,
અંતમાં તો બેઉનો સરખો જ બોલાશે બજાર.11

## મૌન વિષે

મૌન એ સૂફીની ઓળખ છે. અંગ્રેજીમાં કહેવત છે : 'Silent is the language of God.' (મૌન એ પ્રભુની ભાષા છે.) એક સૂફી કહેવત છે, 'જિસને પાયા ઉસને છુપાયા.' જેને જીવનનું રહસ્ય મળી ગયું તેણે તે રહસ્યને છુપાવી દીધું. 'શૂન્ય' મૌન પાસેથી કેવું કામ લે છે તે જોઈએ :

હોઠ સીવીને ચૂપચાપ જોતા રહો,
મૌન પેદા કરે છે ભરમ કેટલા?12
મૌનને સુપરત કરી દીધો ખજાનો શબ્દનો
આવ કે જોવા સમો છે 'શૂન્ય'નો વૈભવ હવે.13

## બંદગી વિષે

સૂફીના જીવનમાં બંદગી સૌથી મહત્ત્વની વસ્તુ છે. સૂફીવાદમાં કહેવાય છે કે 'બે-બંદગી જિંદગી શરમીંદગી, બંદા હુઆ તો ક્યા હુઆ.' બંદગી વગરની જિંદગી શરમજનક છે. જેમ ભક્તિ વગરનો ભક્ત, ભક્ત કહેવાય નહી તે રીતે ભલે તું બંદો હોય તો પણ બંદો કહેવાવાને લાયક નથી. કોઈ સૂફી વિચાર્યા વગર બંદગી કરતો નથી. તે જેની બંદગી કરે છે પ્રથમ તેની ખુદાઈનો સ્વીકાર કરે છે 'ને એ પછી જ તેની બંદગી કરે છે કે તું છે તેથી હું તારી બંદગી કરું છું. આ પ્રકારની બંદગી સંદર્ભે 'શૂન્ય' કહે છે :

બંદગી હો કે ગઝલ હો ક્યાંય લાચારી નથી,
કોઈની પણ મેં ખુદાઈ એમ સ્વીકારી નથી.14
શ્રદ્ધા ઊઠે એ પહેલાં વિચારી લે ઓ સમય,
વિફરેલ બંદગીને ખુદાનો ય ડર નથી.15

સૂફીવાદ કહે છે : 'બંદે કર તૂ બંદગી, તો પાવે દીદાર' (પ્રભુભક્તિ કરીશ તો પ્રભુનું દર્શન પામીશ.)

## હજૂર કે દિદાર વિષે

કોઈ પણ સૂફીનું મુખ્ય લક્ષ્ય માશૂકનાં દિદાર કે દર્શન કરવાનું હોય છે. અને જ્યારે તે દિદાર થાય છે ત્યારે તે ક્ષણ મહત્ત્વની બની જતી હોય છે. આવું દર્શન મેળવવા માશૂકને વિનંતી કરતાં 'શૂન્ય' કહે છે :

અવસરની નજાકત સમજીને આવો તો હવે આવી જાઓ
આ દર્શનઘેલી આંખલડી પરિતૃપ્ત થતાં બિડાય જશે.16

માશૂક સામે હોય તો કેવું થાય તે વિષે 'શૂન્ય' કહે છે :

પાંપણ ઝૂકી ગઈ છે એ શરણાગતિ નથી,
સૌંદર્યની હજૂરે પ્રણયનો વિવેક છે.17

---

10 'કહત કબીર', પૃ. ૨૭
11 'શૂન્યની સૃષ્ટિ', પૃ. ૫૨૩
12 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', પૃ. ૧૪
13 એજન, પૃ. ૨૨
14 એજન, પૃ. ૯૦
15 એજન, પૃ. ૭૧
16 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', પૃ. ૪૯
17 એજન, પૃ. ૧૬

### પડદા વિષે

માશૂક પડદામાં રહે છે. ખુદા અને બંદા વચ્ચે અહંકાર, લોભ, વાસના, ક્રોધ જેવા અનેક પડદા હોય છે. તે હટતા નથી ત્યાં સુધી ખુદાનાં દિદાર થતાં નથી. આવા સંદર્ભે 'શૂન્ય' કહે છે :

નજરથી દૂર સંતાવું ને લેવી ઓથ પરદાની,
તમારા રૂપને પણ તેજોવેધની બીક લાગે છે.[18]
ઘડ્યો છે જેને મેં ભાવનાથી હજાર પરદા કરે ભલે ને
એ મારી પોતાની ભાવના છે, હું જ્યારે ચાહું બહાર આવે.[19]

### સાકી, શરાબ અને મયખાના વિષે

સાહિત્યમાં કે ભાવકોમાં ગઝલ પ્રિય થવાનું ખાસ કારણ એમાં સમાયેલું દ્વિઅર્થીપણું છે. એક એમાં મિજાજનું પાસું જુવે છે અને અલ્લાહના આશિકો કે સૂફીઓ તે જ ગઝલમાં ઈબાદતનો રાહ નિહાળીને મધુર રસનું પાન કરે છે. તમામ સૂફી શાયરોની ગઝલોમાં મિજાજી અને હકીકી એમ બંને પાસાં પામી શકાય. તેમાંથી વિષયાસક્ત શ્રોતા મિજાજી પાસાની લહેજત પ્રાપ્ત કરે છે અને ગઝલ સાંભળીને ઊંચોનીચો થાય છે. જ્યારે સૂફી ઈશ્કે હકીકી પાસાની લહેજત પ્રાપ્ત કરીને રૂહાની કેફિયતનો આસ્વાદ લે છે અને તેમાં ગૂંથાય છે. ગઝલમાં દરેક પ્રતીકના બે અર્થ થાય છે. જેમ કે, ૧. હુસ્ને મિજાજી : દુન્યવી સુંદરતા અને હુસ્ને હકીકી : ખુદાની સુંદરતા, ૨. શરાબે આમ : જાહેરી શરાબ અને શરાબે ખાસ : રુહાનિયતનો કે આત્માને ઉજાગર કરે તેવો જ્ઞાનરૂપી શરાબ, ૩. આશિકે મિજાજી : જાહેરી હુસ્ન (સુંદરતા)નો દિવાનો કે આશિક, આશિકે હકીકી

18 એજન, પૃ. ૧૮
19 'દરબાર 'શૂન્ય'નો', પૃ. ૮૫

ખુદાનો કે અલૌકિક સુંદરતાનો આશિક (સૂફી) 'શૂન્ય' શરાબે આમ કે શરાબે ખાસ તરફ ઈશારો કરતાં કહે છે :

સાકીને ખાસ મારા વતી એટલું કહો
મુજને શરાબે આમમાં છાંટોયે રસ નથી.[20]

'સાકી' (પ્રભુપ્રેમનો શરાબ પિવડાવનાર)ના સંદર્ભે 'શૂન્ય' લખે છે :

બેઠા છો કેમ આમ કોઈ પૂછતું નથી, સાકી હવે તો કામ કોઈ પૂછતું નથી
નજરોની દેખરેખના દિવસ વહી ગયા, ખાલી પડ્યું છે જામ કોઈ પૂછતું નથી [21]

મયખાનું (શરાબખાનું) કે જ્યાં ઈશ્ક રૂપી શરાબ તથા દાવતે-આમ (દરેક માટે આમંત્રણ) મળે છે. આ બાબતે 'શૂન્ય' કહે છે :

એક મયખાનું ચાલે છે આલમ મહીં, ચંદ્ર પણ જામ છે, સૂર્ય પણ જામ છે :
દૃષ્ટિવાળા ફક્ત પી શકે છે અહીં, ખાસ મહેફિલ છે પણ દાવતે-આમ છે.[22]

### ઈશ્કના પંથ બાબતે

ઈશ્કના પણ બે પ્રકાર છે : ઈશ્કે મિજાજી અને ઈશ્કે હકીકી. ઈશ્કે મિજાજી એટલે દુન્યવી પ્રેમ અને ઈશ્કે હકીકી એટલે ખુદા સાથેનો પ્રેમ. ઈશ્કના રસ્તે ચાલવું આસાન નથી. 'શૂન્ય' આ બાબતે કહે છે :

પ્રેમજીવન પર ઓ હસનારા! પ્રેમજીવનને ખેલ ન ગણતો
પોઢું છું હું બાણની સેજે, ચાલું છું તલવારની ધારે [23]

20 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', પૃ. ૨૧
21 એજન, પૃ. ૭૧
22 એજન, પૃ. ૮૨
23 એજન, પૃ. ૩

## ઈશ્કની આગ વિષે

સૂફી કવિ મૌલાના જલાલુદ્દીન રૂમીના મતે ઈશ્ક એવી જ્વાળા છે કે તે સળગી તે સાથે જ માશૂક સિવાયના જે કોઈ હોય તેને બાળી નાખે છે. આવા સંદર્ભે 'શૂન્ય' જણાવે છે :

પ્રેમ છે એવી આગનું નામ, ચાંદને પણ જઈ આપે ડામ.24

## પ્રેમ કે ઈશ્ક વિષે

ઈશ્કબાજી વિષે 'શૂન્ય' લખે છે :

એક બાજીના બે રમનારા, એક હારે તો જીતે બીજો
પ્રેમની બાજી કિંતુ અનોખી, બેઉ જીતે; બેઉ હારે;25

અમીર ખૂસરો પોતાના એક દુહામાં કહે છે :

खुसरो बाजी प्रेम की मै खेलु पी के संग
जित गई तो पिया मोरे हारी पी के संग 26

'શૂન્ય' પ્રેમનાં બંધન બાબત કહે છે :

હું પ્રેમનાં બંધન છોડું છું, પણ પ્રેમ ન બંધન છોડે છે,
દુનિયાથી સદંતર દૂર છતાં, દુનિયાની ગતાગમ રાખું છું 27

પ્રેમતત્ત્વ દિલમાં પ્રવેશ કરે છે ત્યારે 'માસિવલ્લાહ' એટલે કે અલ્લાહ સિવાયની દરેક વસ્તુમાંથી મન દૂર થાય છે. આ પ્રેમનું એવું બંધન છે જે બંધકને દુનિયાના મોહથી આઝાદ કરાવે છે. 'શૂન્ય' કહે છે કે,

ગણું છું પ્રેમબંધનને પ્રથમ સોપાન મુક્તિનું
જગતના ત્યાગની વાતો હું અપનાવી નથી શકતો.28

## પ્રેમના ઊલટા માર્ગ વિષે

પ્રેમનો માર્ગ ઊલટો જ છે. 'શૂન્ય' કહે છે :

પ્રેમ-જગમાં પ્રેમનો ઊલટો જ ચાલે છે પ્રવાહ,
ખુદ સમંદરનું સરિતામાં વહન થઈ જાય છે 29

અમીર ખૂસરો એક દુહામાં કહે છે :

खुसरो दरिया प्रेम का, सो उल्टी वाकी धार।
जो उबरा सो डूब गया, जो डूबा हुआ पार।30

## યાદ વિષે

માશૂકની યાદ વિના એક પળ પણ ખાલી ન જાય તેવી આશિકની ઈચ્છા હોય છે. સૂફી-વાદમાં કહેવાય છે કે, 'તેરી યાદમે રો લેના યે નમાઝ હમારી હૈ' એટલે કે 'તારી યાદમાં રોવું તે અમારી નમાઝ છે.' આવી યાદ વિષે 'શૂન્ય' કહે છે :

તમારી યાદ અંતરથી વિસરાવી નથી શકતો
ફક્ત એક જ એ પાનું પ્રેમ ઉથલાવી નથી શકતો31

કોઈની યાદ આવે છે ને આંખથી ધોધ વછૂટે છે
ઊંડેઊંડે પ્રાણથી જાણે હર્ષનાં ઝરણાં છૂટે છે.32

આશિક માશૂકને હરદમ (પ્રત્યેક શ્વાસે) યાદ કરે છે ત્યારે જ માશૂક ગેબ (અદૃશ્ય)માં થી પ્રગટ થાય છે. સૂફીવાદમાં કહેવાયું છે કે, "જીસ દમ (શ્વાસ) ગાફિલ ઉસ દમ કાફિર (ખુદાનો વિરોધી)"જે શ્વાસે તું પ્રભુ-સ્મરણ ચૂકી ગયો તે શ્વાસે તું પ્રભુનો વિરોધી બની જઈશ. તેથી સાલિક (સૂફીવાદમાં આગળ વધનાર) માશૂક પાસે એવી દુઆ માંગે છે કે,

---

24 એજન, પૃ. ૮
25 એજન, પૃ. ૪
26 'सूफी संत अमीर खुसरो', प्रस्तुती : रचना भोला यामिनी प्रकाशक : डायमंड बुक्स, पृ. ३१
27 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', પૃ. ૫
28 એજન, પૃ. ૭
29 એજન, પૃ. ૬
30 'सूफी संत अमीर खुसरो', पृ. ३१
31 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરી ગઝલ', પૃ. ૭
32 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', પૃ. ૫૪

"પ્રત્યેક શ્વાસે તને યાદ કરું એવી સ્થિતિ મને આપ !"
તે સંદર્ભે 'શૂન્ય' કહે છે :

હરદમ તને જ યાદ કરું, એવી દશા મળે,
એવું દરદ ન આપ કે જેની દવા મળે.[33]

## ફનાફિલ્લા (પ્રભુમાં લીન થઈ જવું તે)

એક બિંદુ જેમ દરિયામાં મળીને દરિયારૂપ બની જાય છે. તેવી રીતે સૂફી પણ ફના (પ્રભુમાર્ગે વિલીન) થઈને, અહમ્ દૂર કરીને ખુદામાં ભળી જાય છે.

ઉદયની સાંજ છીએ, અસ્તની સવાર છીએ
ફનાના આંગણે રમતી સદા બહાર છીએ.[34]
નથી જેવીતેવી કૃપા પ્રેમ કેરી,
પ્રથમ એને સર્વસ્વ ધરવું પડે છે.[35]
ફના કેરી તમન્ના શૂન્ય ક્યાંથી ચેન લેવા દે,
ગયું સર્વસ્વ તેથી શું ? હજુ તો પ્રાણ બાકી છે.[36]

આશિક માશૂકને પ્રેમ કરીને આશિક મટીને માશૂક બને છે. જેમ સોનાના રૂપને બદલવા માટે તેને તપાવવું પડે છે અને આગમાં શેકાવવું પડે છે. તેમ આશિકે પણ પ્રેમમાં તપવું પડે છે. 'શૂન્ય' કહે છે :

બળી મરવું પ્રણય માટે પ્રણયની એ જ શોભા છે
પતંગાઓ ને દીપક એ ફરજમાં એક સરખા છે[37]

## નમન વિષે

નમન એટલે સમર્પણ. સૂફીવાદમાં તે જરૂરી છે. તે સંદર્ભે કહેવાય છે :

વો સિજદા ક્યા જિસમેં રહે અહસાસ સર ઉઠાને કા,
બંદગી બ કદરે હોશ તૌહીને ઈબાદત હૈ

(સિજદા = નમન, અહસાસ = અનુભૂતિ, તૌહીન = બેઅદબી)

એવા નમન વિષે 'શૂન્ય' કહે છે :

એક વાર નમાવી ચરણોમાં ના શીશ ઉઠાવી જાણું છું
એ ગર્વ નથી પણ શ્રદ્ધામાં મસ્તક હું અણનમ રાખું છું.[38]

## દિલ કા'બા વિષે : ( દિલ રૂપી કા'બા જે ખુદાનું ઘર છે જેમાં ખુદા નિવાસ કરે છે )

હઝરત મહંમદ પયગમ્બરની હદીસ છે કે, 'મોમિનનું (સૂફીનું) દિલ અલ્લાહનું અર્શ (ખુદાનું સિંહાસન) છે.' એટલે કે ખુદાનો તેનો વાસ દિલમાં છે. કુરઆન શરીફમાં અલ્લાહ કહે છે, 'અમે તારી (દરેક મનુષ્યની) ધોરી નસ કરતાં પણ વધારે નજીક છીએ. 'શૂન્ય' કહે છે :

નયન છે ચિત્ર કોઈનું, હૃદય છે વાસ કોઈનો,
અલૌકિક રૂપસૃષ્ટિ છે, અનોખી પ્રેમદુનિયા છે [39]

[ તુલના કરો : સૂફી સંત કબીર કહે છે કે,
"मोको कहां ढूँढे रे बन्दे, मैं तो तेरे पास में
ना मंदिर में ना मस्जिद में, ना काबे कैलास में"[40] ]

દિલ એ પ્રભુનું નિવાસસ્થાન છે, પ્રેમનું મહાલય છે. તેની ધડકનની પ્રભુના પગરવ સાથે તુલના કરતાં 'શૂન્ય' કહે છે :

દિલની આ સતત ધડકન, જાણે કોઈનો પગરવ,
પ્રેમના મહાલયમાં ![41]

---

33 'શૂન્યની સૃષ્ટિ', પૃ. ૪૧૮
34 'સાત રંગનું સરનામું: શૂન્ય પાલનપુરી ગઝલ', પૃ. ૭૫
35 એજન, પૃ. ૭
36 'શૂન્યની સૃષ્ટિ', પૃ. ૨૪૦
37 એજન, પૃ. ૯
38 'શૂન્યની સૃષ્ટિ', પૃ. ૮૫
39 એજન, પૃ. ૯
40 bharatdiscovery.org/india
41 'દરબાર 'શૂન્ય'નો', સંપાદક: મુસાફિર પાલનપુરી, પ્રથમ આવૃત્તિ: ૨૦૦૬, પૃ. ૪૭

## શ્વાસ વિષે

સૂફીવાદમાં કહેવાય છે કે 'જિસ દમ ગાફિલ ઉસ દમ કાફિર.' જે શ્વાસે (ક્ષણે) તું ઈશ્વરની યાદને ભૂલી ગયો તે શ્વાસે તું ખુદાથી દૂર ચાલ્યો ગયો સમજ. સૂફી શ્વાસેશ્વાસે શેતાની વિચારો સામે લડે છે. આ સંદર્ભે 'શૂન્ય' કહે છે :

મોતની સાથે જીવનની અવિરામ લડતને શું કહેવું?
શ્વાસેશ્વાસે ખેલાતા આ પાણીપતને શું કહેવું?42

શેતાની વિચારો સામે લડવા માટે સાચો આશિક હરદમ માશૂકને યાદ કર્યા કરે છે. તે સંદર્ભે 'શૂન્ય' કહે છે :

હરદમ તને જ યાદ કરું, એ દશા મળે,
એવું દરદ ન આપ કે જેની દવા મળે43

## દુન્યવી ઈચ્છાઓ પાછળની દોડ (નફ્સ-પરસ્તી) વિષે

હદીસ છે કે જેને એક પણ ઈચ્છા નથી તેના પડછાયાથી પણ શેતાન ડરે છે. સૂફીવાદમાં વિચારોને બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે : 'નફ્સ-પરસ્તી' અર્થાત્ દુન્યવી કે માયાવી ઈચ્છાઓ પાછળની દોડ સંદર્ભિત વિચારો, અને 'હક-પરસ્તી' અર્થાત્ કે ખુદાએ બતાવેલી / ચીંધેલ ઈચ્છાઓ પ્રમાણે જીવન જીવવા સંદર્ભિત વિચારો. આમાં નફ્સ- પરસ્તી એ ત્યજવાલાયક દૃષ્ટિકોણ છે. તેના વિષે 'શૂન્ય' કહે છે :

દુનિયાની વ્યથાઓ ક્યાં કમ છે? ઈચ્છાનો વધારો શા માટે?
મન હાય! ન જાણે વહોરે છે એ સાપનો ભારો શા માટે? 44

## હું જ હું (સ્વયં) વિષે

સૂફી અહંકારને ત્યાગે છે અને શૂન્ય બની જાય છે ત્યારે પોતાનામાં ખુદાની ઝલક મેળવે છે. ત્યારે તેને પોતે જ રાહી અને પોતે જ મંજિલ દેખાય છે. તેવી વ્યક્તિ નિજમાં ખુદાના ૯૯ ગુણ (જેમ કે, દયા, ક્ષમા, પ્રેમ, કરુણા વગેરે) ઉત્પન્ન કરે છે ત્યારે તેને ખુદમાં ખુદાનું દર્શન થાય છે. અને તે પોતાને ફનાફીલ્લાહ (અલ્લાહમાં લીન) કરે છે ત્યારે તેને પોતાનામાં કેવો અનુભવ થાય છે તે અંગે 'શૂન્ય' કહે છે :

સ્વયં હું જ રાહી, સ્વયં હું જ મંજિલ, મળી છે મને સ્થિરતા ધ્રુવ જેવી
સદીઓથી મારી ખબર છે દિશાને યુગોથી મને કાફલા ઓળખે છે.45

શૂન્ય અહંનો ત્યાગ કરી લે,
તું જ તને દેખાશે ચોગમ. 46
કોણ 'અનલહક' નાહક બોલે ?
વાત નજીવી, જાનનું જોખમ ! 47

આ અનુભવ સૂફીવાદના 'અનલ હક' (= 'હું ખુદા છું.')નો કે ઉપનિષદની ભાષામાં કહેવું હોય તો 'અહમ્ બ્રહ્માસ્મિ'નો હોય છે.

આમ, 'શૂન્ય'ની અનેક ગઝલમાં સૂફીવાદનાં અનેક પાસાંનું સહજ, સરળ, સફળ નિરૂપણ જોવા મળે છે.

## સંદર્ભ ગ્રંથો


૧. ઉપાધ્યાય ચન્દ્રકાન્ત, 'કહત કબીર', પ્રકાશક: અમરભાઈ ઠાકોરલાલ શાહ, ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ: સપ્ટેમ્બર, ૨૦૦૭


42 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', પૃ. ૧૭
43 'સાત રંગનું સરનામું : શૂન્ય પાલનપુરીની ગઝલ', પૃ. ૪૩
44 એજન, પૃ. ૭૭
45 એજન, પૃ. ૭૫
46 'શૂન્યની સૃષ્ટિ', પૃ. ૬૬
47 'દરબાર 'શૂન્ય'નો', પૃ. ૩૨

૨. નાયક ડૉ. છોટુભાઈ રણછોડજી, 'સૂફીમત' ગુજરાત વિદ્યાસભા : પ્રેમભાઈ હોલ, ભદ્ર, અમદાવાદ, બીજી આવૃત્તિ: ૨૦૦૯
૩. પુરોહિત રમેશ, 'સાત રંગનું સરનામું: શૂન્ય પાલનપુરીની ગઝલ', નવભારત સાહિત્ય મંદિર, જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ, આવૃત્તિ: ૨૦૦૯
૪. પાલનપુરી 'શૂન્ય', 'શૂન્યની સૃષ્ટિ' (સમગ્ર કાવ્યો), નવભારત, મુંબઈ, સંવર્ધિત આવૃત્તિ: ૨૦૧૦
૫. પાલનપુરી 'શૂન્ય', 'દરબાર 'શૂન્ય'નો', સંપાદક: મુસાફિર પાલનપુરી, પ્રથમ આવૃત્તિ: ૨૦૦૬
૬. 'सूफी संत अमीर खुसरो', प्रस्तुती : रचना भोला, यामिनी प्रकाशक : डायमंड बुक्स